
R.N.B.794.

BAGE NAJAT

# બાગે નજાત



કિ. ૧૦ મી હિસ્સો ૮-મો.

જમાદીઉલ આખર સન ૧૩૩૫.

બાગેનજાત ફૈઝ દેહે કાએનાત હય=તશના લબોંકે વાસ્તે આબે હયાત હય*
અજરે જઝાકે ગુન્ચે ખીલેહેં ગુલે સવાબ=ગુલઝારે આખેરતહ યેહ બાગેનજાતહે*

નેક નામ શેઠજી સાહેબ

જનાબે પંજતને પાક અલયહુસ્સલામના
સદકા અને ખાસ વસીલાથી
મગફેર કરનાર

ઊ. મેં. બ. રે રહમતે રબ્બએજલીલ, હાજી ગુલામઅબ્બાસ હાજી ઈસમાઇલજી.

અધીપતી બાગેનજાત, અગેનજાત અને તુફેઇમાન, કુરઆને શરીફ તીતફસીર વીના કર્તા ભાવનગર.



# ૧૮મનકબત, પાંચ આનામાંપેજ ૮

જરા ટુંક સાંકળીયું તો વાંચો


૧ લઝ્ઝત ઝબાંકો સીફતે પંજેતનમેં હય*... ... ...૧
૨ મદહે હયદરસે નહોગા મેરાસીના ખાલી*... ......૨
૩ હએ કયા ફીક્ર અએ દીલ અગર મુશકિલ હએ*... ...૩
૪ કરૂં કયું ન દીલસે બયાને અલી*... ... ...૭
૫ અય મોઅમેનો જહાંનકે સરદાર હ'ય અલી*... ...૧૫
૬ દુન્યાકી સોઉબતસે મેરા નાકમેં દમ હય*......૫૬
૭ નામ આપકા ઝબાંપે મેરી સુબહો શામ હએ*......૫૯
૮ મદાહ ઉસ્કા અબ યેહ દ'લે દાગદાર હએ*......૬૪
૯ અએ કલમ લીખ નાઅતે ખતમુલ મુરસલીન*......૬૫
૧૦ ભરા એ દાવરે દાદાર યાઅલી મદદી*......૬૭
૧૧ અએ ખાસએ દાવર સલ્લે અલા*.........૭૦
૧૨ શહે દોજહાં આજ પૈદા હુવા*.........૭૪
૧૩ યાનબી સલામા અલયકુમ=યારસુલ સલામો અલયકુમ*૭૬
૧૪ હો મુબારક સરવરે ગુલપયરહન પેદા હુવા*......૭૮
૧૫ હુઆ આજ પએદા ઇમામે અનામ*... ......૮૦
૧૬ મુશકિલ કુશા અલી હય, હાજત રવા અલી હય*...૮૨
૧૭ઇલાહીકર કરમ તેરા સબર અબ ઉઠ ગયા મેરા*......૮૫
૧૮ હરેક ઝર્રા ચમક રહા હએ*... ... ......૮૬


**ઘડયાળ** માટે રૂપાની સાંકળમાં રાતા અકીકના ચમકતા છેડા થોડાંક આવ્યા છે, કીંમત અઢી રૂપીયા; પોરટેજ વીગેરે જુદું, અકીક તથા ફિરોઝાની વીટીયો માપ મળેથી રૂ ૧ાાથીરૂ ૫ સુધીની તૈયાર કરાવી મોકલશું.

## કરોડો તાવીજોનું ખાસ એકજ તાવીજ,

### હવે ૧ લા નંબરમાં ઘણો સારો વધારો થયો છે.

### ...લ્ય તાવીજ ખાસ હરણના ચામડાઉપર હાથે લખેલું

તમામ બીમારીઓથી બચવા. જાદુ દુર થવા, જીન પરીથી બચવા, ...લેરા અને પ્લેગથી અમાનમાં રહેવા. હમલને ખલલ ન પહોંગવા ...પવા, બચ્ચાઓને થતી બીમારી મો, તેઓનુ ભરાઇ જવું, સસણી ...ર થવા, અને માલ ઇજ્જતમાં વધારો થવા માટે આ તાવીજ બહુજ ...લ્દી અસર અને ફાયદો કરનાર છે, જેટલી તઅરીફ લખીએ થોડીછે.

આ તાવીજ છાપેલું નથી બલકે ખાસ સઇયદ મોઅમીન ...આહ ઇસ્નાઅશરી દીનદાર અને પરહેઝગારના હાથે લખાએલું છે.

તાવીજની કીંમત પોસ્ટેજ રજીષ્ટર સુધાં નંબર ૧ ના રૂ. ૫ ...બર ૨ ના રૂ. રા પહેલે બન્ને તાવીજમાં દોઆ મસમ નકશ ...૦ એકજ જાતના હતા, પણ હાલમાં ચામડા અને લખાણની સફાઇ ...બસુરતી ઉપરાંત પહેલા નંબરમાં કેટલીક ભારે ભારે દોઆઓ વધા... ...ને ડોઢું મોઢું કરેલ છે, જમણે હાથે અથવા ગળામાં મીણ વી૦માં ...ક કરીને અથવા તાવીજમાં રાખીને બાંધવું, ખાસ કામ વખતે ...જારૂમાં જતી વખતે પાસે હોય તો હરકત નથી.

## ...કીટમાં રાખેલું નાનું કુરઆને શરીફ રૂ ૨.



...હેય પહેલું અને અરબી ...ઇયથી ઓછું જડું છે.

આ તાવીજ વેલબુલ કીનારી સોનેરી બનેલી છે, અને અધુંજ ખુશનુમા છે, છેડામાં પણ રખાય છે.



વચમાં દુરબીન છે તેમાંથી ઝીણા હરફ ઘણા મોટા દેખાય છે. અને તાવીજ તરીકે પણ બંધાયછે.

# બાગે નજાત

બિસમિલ્લાહિર રહમાનિર રહીમ, અલહમ્દો લિલ્લાહે રબ્બિલ
આલમીન, વસલ્લલ્લાહો અલા મોહમ્મદિન વ આલેહિ ત્તાહેરીન.

કીતાબ ૧૦મી.)તા૦૧૫મી માહે જમાદીઉલઆખર સન ૧૩૩૫હી૦(હિસ્સો ૮-મો.

## તારીખે અઅસમે કુફી.

કર્તા-સુન્નત જમાતના તવારીખનવેશ
ખ્વાજા મોહમ્મદ સાહેબ અઅસમે કુફી.

### પ્રકરણ ૫૮ મું હ૦ અલીઅ૦ને પેશ આવેલી મુશકેલીયો.

લખે છે કે હ૦ અલી અ૦ આમીલો વીગેરે રવાના કરતા હતા, અને ચારે તરફ બંદોબસ્ત રાખવા ઘણી કોશીશ કરતા હતા, પણ જેઓના દીલમાં બુગ્ઝ હસદ અને અદાવત હતી તેઓ સામા થતા હતા, જેમકે "જઝીરા" વાળા ત્રીજા ખલીફાને ચાહનરા હતા, અને મોઆવીયાહના તાબેદાર હતા, અને તેની બૈઅત કરી હતી, તેથી એ લોકો હ૦અલીઅ૦ની તાબેદારી મન્જુર રાખતા નહતા.

હ૦ અલીએ માલીકે ઉશ્તર નખઇને જઝીરાના હાકિમનેમીને ત્યાં મોકલ્યા, અને એ વખતે ત્યાં મોઆવીયાહ તરફથી ઝોહાક બિન કૈસ કહરી હાકીમ હતો, તેને ખબર પડી કે માલીકે ઉશ્તર આવે છે, તેથી રીક્કાના માણસોને ખબર મોકલી કે માલીકે ઉશ્તર આવે છે, માટે તમો મારી મદદ કરો તો તેને પગ પેસારો કરવા દઇએ નહીં.

એ લોકોએ સંપ કરીને લડવૈયા ભેગા કરીને સેમાક બીન મખઝેમાને સરદાર ઠેરાવીને ઝોહાકની મદદે મોકલ્યો, માલીકે ઉશ્તર પોતાનું લશકર લઇને હર્રાનની નજીક પહોંચ્યા હતા ત્યાં ઝોહાક અને સેમાક બન્ને લશકર લઇને જઇ પહોંચ્યા, અને એકદમ સામ સામી સફો ગોઠવાઈ લડાઇ ચાલુ થઇ તે સાંજ સુધી રહી, માલીકે ઉશ્તરના માણસોએ એવી બહાદુરી બતાવી અને જવાંમરદીથી લડયા કે ઝોહાક હારીને હર્રાનના કિલ્લામાં જઇને ભરાણો, માલીકે ઉશ્તરે તેને ઘેરો નાખ્યો.

મોઆવીયાને આ વાતની ખબર પડી ત્યારે ખાલીદ બીન વલીદના છોકરા અબ્દેરહમાનને લશકર આપીને ઝોહાકની મદદે મોકલ્યો, માલીકે ઉશ્તરને ખબર પડી તેથી કીલ્લાના ઘેરાને મુકી આપીને અબ્દેરહમાન તરફ લશકર લઇ જઇને તેની સાથે લડીને હરાવ્યો તે ભાગવા લાગ્યાં, માલીકે ઉશ્તરના લશકરે પીછો પકડીને ઘણાઓને ઠાર કર્યા, બાકી રહેલાઓએ રીક્કામાં જઇને પનાહ લીધી, માલીકે ઉશ્તરે તેઓ ઉપર ઘેરો નાખ્યો, એ તકનો લાભ લઇને ઝોહાક હર્રાનના કીલ્લામાંથી નીકળ્યો, ત્યાં મોઆવીયાએ મોકલેલી બીજી મદદ પણ આવી પહોંચી તેથી એ લોકોનું જોર બહુજ વધી ગયું, અને સર્વે મળીને માલીકે ઉશ્તરની સામે લડવા માટે ગયા, ત્યાં પહોંચીને બહુજ જોર શોરથી લડાઇ ચલાવી, પણ માલીકે ઉશ્તર નામદાર પહેલવાન અને તેમની સાથેના લડવૈયા ઘણાંજ બહાદુર હોવાથી એ બમણા ત્રણગણાં લશકરને મારીને ઝેર કરી નાખ્યું, બચેલા એકદમ ભાગીને મોઆવીયા પાસે શામ ચાલ્યા ગયા,

માલીકે ઉશ્તરની ફતેહ થઇ તેથી જઝીરાનો કબજો લઇ લીધો, અને બંડખોર તથા તોફાનીયોને પકડી પકડીને શરણે કર્યા, અને શરણે થવા આના કાની કરતા તેમને કતલ કર્યા, પછી તમામ અહવાલ હ૦ મુરતઝા અલી અ૦ને લખી મોકલ્યો.

હ૦ અલી અ૦ એ કાગળ વાંચીને, સમજ્યા કે મોઆવીયાહની સખ્ત વીરૂધતા છે અને બહુજ દુશમની કરે છે, અને તાબે થવા રાજી નથી તેથી

આપે લોકોને ભેગા કરીને ખુદા અને રસુલની તાઅરીફ ફસાહતથી કર
ફરમાવ્યું કે અલ્લાહ તઆલા બંદાઓનો પયદા કરનાર છે, અને તે પોત
બંદા ઉપર એટલે સુધી રહમ કરે છે કે જ્યાં સુધી તે હક રસ્તા ઉપર ચા
અને બંદાઓ આપસમાં મેહર અને મોહબ્બતથી હળી મળીને ચાલે, અ
એક બીજા ઊપર જુલ્મ અને સખતાઇ ન કરે, અને દુન્યાના કામમાં હ
મળીને વરતવાથી સારી રીતે ચાલે છે, પણ કુસુંપ અને ઝગડા કરવાથી અ
એક બીજાને ખરાબ બોલવાથી અને તોહમત લગાડવાથી ઘણી ખરાબી
થાય છે, અને તેનું પરીણામ માઠું આવે છે, એટલે હલાકી અને બરબાદી થાય

મારા કહેવાનો મતલબ એ છે કે તમો જાણો કે મોઆવીયાએ શા
વાળાઓને શક અને શુબામાં નાખીને તેઓના દીલ મારી ફરમાં બરકારી
ફેરી નાખ્યા છે, અને લોકોમાં એવું મશહુર કર્યું છે કે ઉસમાનને અલી
કતલ કરાવેલ છે, એવી એવી તોહમત મારા ઉપર મુકીને લોકોને ભમાવે
છે, એટલુંજ નહીં પણ મેં માલીકે ઉશ્તરને જઝીરાનો હાકીમ કરીને મોકલ્યે
તો તેને શેહરમાં દાખલ થવા ઘણી અડચણો કરી, એટલે સુધી કે બબે વખ
લશકર મોકલીને તેની સાથે જંગ કરી, અને હજુ પણ લડાઇ કરવા મા
તૈયારી કરે છે, ફોજ એકઠી કરે છે, જંગ અને ખુનરેજી કરાવા તતપર છે
માટે મારો વીચાર એવો છે કે તેને કાગળ લખીને સમજાવું અને નસીહ
કરૂં કે એને કાંઇ અસર થાય, અને મુખાલેફત મુકી આપે, માટે આ વી
તમારો શો મત છે?!!

આ સાંભળીને મસજીદમાં હાજર રહેલાઓએ અરજ કરી કે યા મોલ
આ વીશે અમો શું મત આપીયે? આપ કરતાં અમારો મત કાંઇ સા
નથી, આપનો જે મત હોય તે મુજબ કરવા અમો તઇયાર છીએ, જે મુજ
હ૦ રસુલે ખુદા સ૦ના તાબેદાર હતા તેજ મુજબ આપના પણ તાબેદાર છીએ

એ લોકોના અવા ઉત્તેજનથી આપ મીમબર ઊપરથી ઉતરીને ઘરે ગય
અને મોઆવીયાહને કાગળ લખ્યો કે બી. હી. ર. હું અલ્લાહનો બં
અલી અમીરૂલ મોઅમેનીન છુ, મોઆવીયા બીન સખરને માલુમ થાય
મદીનામાં જે દીવસે મોહાજીરવઅનસારે મારી બયઅત કરી તે દીવસે તુ હાજ
નહતો અને શામમાંજ હતો, પણ અબાબકર અને ઊમરની બયઅત જેઓ
કરી તેઓએ મ્હારી બયઅત રાજી ખુશીથી કરી છે, તેની રૂએ તારા ઉપ
પણ મારી બયઅત નાઝીલ થઇ ગઇ, કેમકે હાજર રહેલાઓમાંથી કોઇ

આના કાની કરી નથી ત્યારે ગેર હાજર હતા તેમના માટે તો આના કાની હોયજ શાની?

અને ઊસમાનના કતલની ખબર આપનાર જુઠા છે, સાંભળનારા પણ સમજ્યા વીના માની લીએ છે, અને ખરી વાતની શોધ કરતા નથી, ખરી વાત તો એ છે કે જેઓ ઊસમાનને એબ લગાડતા હતા અને ખરાબ બોલતા હતા તેઓએજ કતલ કર્યા છે, અને જેઓ તેમના તરફદાર હતા તેઓએ મદદ કરી નહીં, જેઓ એ મામલા વખતે હાજર હતા તેઓ જુઠુ બોલે છે, અને જેઓ હાજર ન હતા તેઓ ઉપર ખુન કરવાનું તોહમત મુકે છે.

હાંસલ કલામ હવે તો તમામ ખાસ તેમજ સામાન્ય લોકોએ મ્હારી બયઅત કરી છે, અને એજ હક છે કે જે મ્હારી ખિલાફતથી રાજી થશે તે દરગાહે ઇલાહીમાં બક્ષાઇ જશે, અને જે મ્હારાથી વિરૂદ્ધતા ઇખ્તીયાર કરશે તેના માટે ભલાઇ નથી તે બદનામ થશે, માટે તુ સુલેહ અને સંપને પસંદ કરીને તકરાર અને ઝગડા મુકી આપ, અને લાઝિમ છે કે પોતાનો ખરો મતલબ જાહેર કર વસ્સલામ.

એ કાગળ હજ્જાજ બિન ગુરબા અનસારીને આપીને ફરમાવ્યું કે મોઆવીયાહને પહોંચાડ, તેણે એ કાગળ શામ લઇ જઇને મોઆવીયાને સલામ કરીને કાગળ આપ્યો, તેણે કાગળ વાચીને કાસીદને ખરાબ શબ્દો થકી ધમકી આપી.

આ સાંભળીને કાસીદને માઠું લાગ્યું તેથી બોલ્યો કે તુ એજ છોના? કે હ૦ ઉસમાને મદદ માગી છતાં તેં મદદ કરી નહીં, આ વાતથી મોઆવીયાહને ઘણુંજ ખરાબ લાગ્યું તેથી એ વાતનો તો જવાબ આપ્યો નહીં, પણ કહ્યું આ કાગળનો જવાબ તને નહીં આપુ, તું ચાલ્યો જા, તારી પાછળ મારૂં માણુસ જવાબ લઇને આવશે.

હજ્જાજ તરત પાછો ગયો, અને હ૦ અલી અ૦ને તમામ વાત કહી સંભળાવી, આ વાતની ખબર ફેલાણી તેથી વલીદ બીન અકબા બહુજ ખુશ થયો કેમકે તે હ૦ અલી અ૦ સાથે દુશમની રાખતો હતો, અને દુશમનીનું કારણ એ બન્યું હતું કે ઉસમાન ખલીફાના ઝમાનામાં તેણે શરાબ પીધી હતી, અને ખલીફાએ તે વીશે હ૦ અલીની સલાહ લીધી અને આ ઉપરથી આપ સાથે દુશમની અને અદાવત રાખવા લાગ્યો.

એ વલીના શરાબ પીવાનો કીસ્સો એમ છે કે તેને ત્રીજા ખલીફાએ કુફાનો હાકીમ નેમ્યો હતો, તે સારી રીતે ઇન્સાફથી રઇયત સાથે વરતતો હતો, પણ તેને શરાબ પીવાની લત લાગી હતી તેથી ઘણે ભાગે શરાબ પીધા

કરતો હતો, એક વખત શરાબના નશામાં સુબહની નમાઝ પઢાવા મસજીદમાં ગયો, પેશ નમાઝ બની જમાઅતની નમાઝ પઢાવી, પણ બે રકાતને બદલે ચાર રકાત પઢાવી, એટલા ઉપર બસ ન કરતાં કહેવા લાગ્યો કે અહા આ વખતે હું બહુજ ખુશીમાં છું, જો કહો તો હજુ પણ કેટલીક રકાત નમાઝ પઢાવું, લોકો સમજ્યા કે શરાબના નશામાં બકે છે તેથી ઘણીજ મલામત કરીને ઠપકો આપ્યો; કોઇએ તે વીશે કાવ્ય કહયા, અને રફતે રફતે આ વાત ખલીફા ઉસમાનને પહોંચી, તેઓએ ખાત્રી કર્યા પછી હ૦અલી અ૦ને પુછયું કે યા હઝરત તેના માટે શું સઝા છે? આપે શરએ મુકદ્દસના કાયદા મુજબ તેની હદ બયાન કરી, તેથી તેને કેટલાંક ફટકા મારવામાં આવ્યા, અને અટલાજ ઉપરથી કે હ૦ અલીયે શરાનો ખરો મસલો કહયો તેથી તે દુશમન થઇ ગયો.

મજકુર વલીદ બીન અકબા વીશે વધુ એમ પણ લખે છે કે નબી સાહેબના વખતમાં એક દીવસે તેણે હ૦ અલી અ૦ને એઅતેરાઝની રૂએ કહ્યું કે યા અલી મારા નેઝાની અણી આપના નેઝાની અણી કરતા વધારે તેજ છે, અને હું ભારે શ્રેષ્ટ વકતા છું તે એટલે સુધી કે આપથી વધેલો છું, એટલુંજ નહીં પણ આપ કરતા મ્હારામાં વધારે કુવ્વત છે!

આ સાંભળીને આપે જવાબ આપ્યો કે એ ફાસેક ચુપ રહે! આ શબ્દથી વલીદને ખરાબ લાગ્યું તેથી હઝરતે રસુલે ખુદા સ૦ની ખીદમતમાં ગયો અને હ૦ અલીની શીકાયત કરી.

તેજ વખતે જીબરઇલે અમીન બહુકમે રબ્બુલ આલમીન નાઝિલ થયા, અને "**અફમન કાન મોઅમેનન, મન ફકાન ફાસેકન લાયસ્તવુન**" આયત લાવ્યા, (એટલે શું મોઅમિન અને ફાસેક સરખા છે? કદી નહીં!)

મતલબ કે ખુદાએ હ૦ અલી અ૦ને મોઅમિનનો અને વલીદને ફાસિકનો ખિતાબ અતા ફરમાવ્યો, અને એ પણ ફરમાવ્યું કે એ બન્ને કદી સરખા નથી, કેમકે હ૦ અલી અ૦ જન્નતી છે, અને વલીદપલીદ જહન્નમી છે.

તે હ૦ અલી અ૦ સાથે વલીદ દુશમની રાખતો હતો (તે કાંઇ શરાબની સજા બયાન કરવાથીજ ન હતી બલકે) તે નબી સાહેબના વખતના અવા બનાવથી આપ પ્રત્યે બુગઝ અને હસદ રાખતો હતો, અને કીનાથી ભરપુર હતો, અને વખત આવે દુશમની કાઢવા અને એ વીશે વેર લેવાનો મવકો શોધતો હતો, કે કોઈ એવી વાત કરૂં અથવા કામ કરૂં કે તેથી હ૦ અલી અ૦ને રન્જ અને દુખ પહોંચે, તો તેના દિલની લાંબી મુદ્દતની આશા પુરી

થઈ કે મોઆવીયાયે હ૦ અલી અ૦ના કાસીદને કાગળનો જવાબ આપ્યા વીના કાઢી મુકયો, અને આપ સાથે દુશમનીની કમર બાંધી તેથી ખુશ થયો, અને મોઆવીયાહને કાગળ લખ્યો કે હ૦ અલી સાથે લડાઇ કરવામાં સુસ્તી કરીશ નહીં, અને તે વીશેના કેટલાંક કવય બનાવીને મોકલ્યા.

જ્યારે વલીદનો એવો કાગળ મોઆવીયાહને પહોંચ્યો ત્યારે તે બહુજ ખુશ થયો અને એક કોરો કાગળ ફકત બીસ્મીલ્લા લખાવીને બની અબ્સના એક જવાન બેશરમ બેહુદાને કે જે બહુજ બોલકો હતો અને દિલમાં આવે તેમ બકી દેતો હતો, તેને એ કોરો કાગળ આપીને કહ્યું કે અલીને કુફે જઇને આપી આવ, તે શખસ કુફે ગયો અને હ૦ અલી અ૦ને સલામ કરીને ઉભો રહીને બોલ્યો કે કબીલે બની અબ્સ અથવા કૈસ ગીલાનની કોમનું કોઇ અહીંયા છે?

આ વખતે હઝરત અલી અ૦ના દરબારમાં ખાસ ખાસ કેટલાંક હાજર હતા, તેમાંથી કોઇએ પુછ્યું કે તારો મતલબ બયાન કર કે તું કોણ છો? અને શામાટે આવ્યો છો?

તેણે જવાબ આપ્યો કે હું મોઆવીયાહનો કાસીદ છું, અને ત્યાંની ખબર એ છે કે પચાસ હજાર પુખ્ત ઊમરવાળા ઊસમાન ખલીફાના ખુનના ગમમાં રડી રહયા છે, તેમની દાઢીયો આંસુથી તરબોળ થઇ ગઈ છે તમામ જણા-ઓએ મ્યાનમાંથી તલવાર ખેંચી છે, અને એ ખુનનો બદલો લેવા માટે પોતાના બાલ બચ્ચાને પણ ભુલી જઇ તઇયાર થયા છે, અને રાત દીવસ એજ ચર્ચા ચાલે છે, હાલ સુધી તો શૈતાન ઉપર લાઅનત આપતા હતા, પણ હવે તો ઊસમાન ખલીફાના કાતીલો ઊપર લાઅનત અપાય છે.

હઝરત અલીયે મુર્તુઝાએ પુછયું કે એ લોકો ઉસમાનના ખુનનું બોહ-તાન કેના ઉપર મુકે છે? તેણે જવાબ આપ્યો કે એ તોહમત આપ ઉપર મુકે છે અને તમામ જણ એમજ સમજે છે કે આપેજ ખલીફા ઊસમાનનું ખુન કરાવેલ છે.

આ સાંભળીને હ૦ અલી અ૦ ફરમાવ્યું કે તારા મોઢામાં ખાક પડે હું ઊસમાનના ખુનમાં શરીક નથી, અને સીલા બીન ઝફર અબસી કે જે હોઝે યફા યમાનીનો દોસ્ત હતો તેણે ઉભા થઇને કહ્યું કે ઓ કાસીદ તું ઘણોંજ ખરાબ છો, તું બેશરમ અને બેહયા છો, તારૂં આ કહેવું પાયા વીનાનું છે, શું હ૦ યુસુફ અ૦ માટે યાકુબ અ૦ રોતા હતા તેમ એ લોકો રોવે છે?

ના એમ નથી, જો ખરેખરી મોહબ્બત હ૦ ઊસમાન સાથે હતી તો (ચાળીસ દીવસ સુધી ઘેરો રહયો) મદદ માગી છતાં તમોએ શામાટે મદદ કરી નહીં? તમારો મતલબ (એ બહાનું કરીને) હ૦ અલી અ૦ની સાથે લડવાનો છે, પણ યાદ રાખો કે તેમનો મદદગાર પાક પરવર દીગાર છે, તે પોતાના ફઝલો કરમથી મદદ કરશે, અને તમારી ઉપર ફતેહ આપશે, "ઈન્નહુ વલીય્યુન એબાદેહિલમોઅમેનીન" (ખરેખર તેપોતાના મોઅમિન બંદાનો વલીછે.)

એ જવાન અબસીની અવી ખોટી અને બેઅદબીની વાતો સાંભળીને કેટલાંકને બહુજ ગુસ્સો આવ્યો તેથી તલવારો મ્યાનમાંથી કાઢીને તેનું ડોકું ઉડાડી મેલવા ચાહયું, પણ હ૦ અલી અ૦ મના કરીને ફરમાવ્યું કે આ કાસીદ છે માટે તેને કતલ કરો નહીં, બાકી તેની પાસે કાગળ હોય તે લઈ લ્યો, લોકોએ કાગળ લઇને આપને આપ્યો, આપે મોહર તોડીને ખોલ્યો તો તેમાંથી કોરો કાગળ નીકળ્યો, આપ સમજ્યા કે મોઆવીયાહ લડાઇ માટે તઇયાર છે, તેથી ફરમાવ્યું કે કોઇ રીતે સુલેહ અને સંપથી વરતવા તે રાજી નથીં, "લાહવલા વલા કુવ્વતા ઇલ્લા બિલ્લાહ હસ્બેયલ્લાહો વ નેઅમલ વકીલ" (સર્વ શકતી ખુદા માટેજ છે, અને તેજ સારો મદદગાર છે.)

હ૦ અલી અ૦ની અવી હલીમી અને નરમાસ અને કરીમી જોઇને તે જવાન બોલ્યો કે યા મૌલા અમોને શામમાં આપ પ્રત્યે ઊંધું ઠસાવવામાં અને સમજાવવામાં આવેલ છે, આપ પ્રત્યે ઘણી ખરાબ વાતો ફેલાવી છે, ત્યારે અમો એકતરફી વાતો સાંભળીને ફરેબમાં આવીને આપને ખરાબ સમજવા લાગ્યા, પણ આજે આપના દીદાર થવાથી અને આપની અટલી બધી હલીમી અને અવો ઇન્સાફ જોઇને હું તો દંગ થઈ ગયો, અને ખાત્રી થઇ કે આપ હક ઊપર છો, માટે આપની દુશમની દુર થઇ ગઇ, અને મોહબ્બત પૈદા થઇ, અને સંપુર્ણ ખાત્રી થઇ કે શામવાળા ભુલાવા અને ગુમરાહીમાં છે, હું ખુદાની કસમ ખાઇને કહું છું કે હવે હું શામ જઇશ નહીં, અને આપની ખિદમતમાં હાજર રહયા કરીશ, અને આપના કદમ ઊપરથી ફીદા થઇને જાન અર્પણ કરીશ.

પછી તેણે કહ્યું કે મોઆવિયાહ ગુમરાહ થઇ ગએલ છે, અને હ૦ અલી અ૦ હક ઊપર છે, અને તે વીશે કેટલાંક શેઅર કહયા. અને તે કાવ્ય મોઆવિયાહને લખી મોકલીને પોતાનો ઇરાદો જાહેર કર્યો કે હવે મ્હારા પાછા

આવવાની આશા રાખવી નહીં, અને હું ઈન્શાઅલ્લાહ હુવેથી અહીંયાજ હઝ-રત અલીની ખીદમતમાં રહીશ.

આ કાગળ મોઆવીયાહને પહોંચ્યો ત્યારે કહ્યું કે એ જવાન ઘણો સમજુ અને હુશયાર નીકળ્યો, મને જો અવી ખબર હતે તો હું તેને મોકલત નહીં, બીજું તો ઠીક પણ તેતો અમારી તમામ છુપી બાબતોથી હ૦ અલી અ૦ને વાકેફ કરી દેશે અને અમારી સાથે લડવાની હીમ્મત અપાવશે.

લખે છે કે એક દીવસ મોઆવીયાહ હુવા ખાવા માટે જંગલ તરફ ગયો અને સાથે ખવાસો અને ગુલામો હતા, રસ્તામાં જોયું કે એક શખસ ઈરાક તરફથી ઊંટ ઉપર સ્વાર થઇને આવે છે તેથી તેને પાસે બોલાવીને પુછયું કે તું કોણ છો? તેણે જવાબ આપ્યો કે તે કબીલાનો છું, વળી પુછયું કે તું કયાંથી અને શામાટે આવ્યો છે? તેણે જવાબ આપ્યો કે હું કુફેથી આવું છું, અને હાબીસ બીન સઅદ તાઇ જે તમારી ખીદમતમાં રહે છે તે મારો કાકાઇ ભાઇ થાય છે તેને મળવા આવ્યો છું.

આ સાંભળીને મોઆવીયાએ હાબીસ બીન સઅદને બોલાવ્યો, તેણે પોતાના કાકાઈ ભાઇને જોયો તેથી ભેટયો અને મરહબા-હું પછી મોઆવી-યાહને કહ્યું કે હુઝુર આ મારા કાકાનો દીકરો ભાઇ થાય છે, તે ઇરાકના તમામ અહ્‌વાલથી વાકેફ હશે, કેમકે તેને જરા જરા પણ બાબતનું ધ્યાન રહે છે, એ સાંભળીને મોઆવીયાહએ પુછ પરછ ચલાવી.—

મોઆવીયાહ=કેમ તાઇ ખરી વાત કહે કે અલી ઈબ્ને અબી તાલેબ શું કામમાં અને કેવી હાલતમાં છે? અને હાલ કઇ જગ્યોએ રેહઠાણ છે?

તાઇ= હ૦ અલી અ૦ જમલની લડાઈ ફતેહ કરીને બસરામાં થોડા દીવસ રહીને કુફે આવ્યા, આપના આવવાથી નાના મોટા અમીર ફકીર સર્વે જણ બહુજ જોશથી બયઅત કરવા હાજર થયા, અને એટલી તો ગર્દી અને ભીડ થતી હતી કે એક બીજાના ખભા ઉપરથી ચાદરો પડી જતી હતી, નાના છોકરાઓને તો ખભા ઉપર બેસારી બેસારીને લઇ જતા હતા, મહલ્લામાંથી જનાન સ્ત્રીઓ તેમજ બુઢ્ઢી ઓરતો એટલે સુધી કે સો સો વરસની ઉમર વાળી લાકડીયોના ટેકાથી આવી આવીને અરજ કરતી કે અમો પણ આપની બયઅત કરીએ છીએ, મતલબ એ કે શહેરના તમામ લોકો બયઅત કરવાથી બહુજ ખુશી અને ઉમંગમાં આવી ગયા છે, અને તમારી લડાઇની વળણથી હ૦ અલી અ૦ પણ બરાબર મુકાબલો કરવા માટે તઇયાર થયા છે.

હઝરત અલી અ૦નું એવું માન આપ પ્રત્યે લોકોની એવી ફીદાગરીનું વર્ણન સાંભળીને મોઆવીયાહને ફીકર થઇ પડી, અને હાબીસને કહ્યું કે હું તો એમ સમજુછું કે ત્હારો ભાઇ જાસુસ બનીને આવેલ છે, આ સાંભળીને તાઇએ કહ્યું કે સાહેબ હું જાસુસ નથી, તેમ જાસુસી કરવાના વીચારથી અત્રે હું આવ્યો નથી, હું તો શામ કરતા ઇરાકમાં રહેવાનેજ વધારે પસંદ કરૂં છું, અને તમારા પાડોસમાં રહેવાથી હું રાજી નથી, લ્યો હમણાજ હું પાછો ઇરાક ચાલ્યો જાઉં છું.

આ તરફતો એવી હીલ ચાલ હતી, અને કુફામાં હ૦ અલી અ૦ લોકોને જુમ્મા મસજીદમાં બોલાવીને સર્વેને વાએઝ નસીહત કરીને શામ તરફ લડવા જવા માટેનો શોખ અપાવ્યો, આ વખતે ફઝારા કબીલાના એક અરબદ નામના શખસે ઉભા થઇને કહ્યું કે એ અબુ તાલેબના ફરઝંદ તમો આ શું કહો છો ? શામવાળા તો અમારા ભાઇ થાય છે, તેઓ સાથે લડાવીને અમારે હાથે તેને કતલ કરાવવા ચાહો છો ? જે પ્રમાણે અમોને બસરે લઇ જઇને અમારા ભાઇયો સાથે લડાવ્યા, અને અમારે હાથે તેઓને કતલ કરાવ્યા તે મુજબ વળી શામવાળા સાથે લડાવી મારવા ઈરાદો કરો છો તે અમારેથી હવે બને એમ નથી, માટે તમારાથી જે થાય તે અમારૂં કરો, પણ અમો તમારી આ વાતને માનનાર નથી.

આ સાંભળીને માલીકે ઊશ્તરે ચીસ પાડીને કહ્યું કે આ બકબક કરનાર ફાસેક મલઉનને પકડો, આ સાંભળતાજ તે ભાગી ગયો, કેટલાક જણ તેની પાછળ પકડવા માટે દોડયા અને ઘોડા વેચવાની બજારમાં જેઇને મારવા લાગ્યા, એટલે સુધી કે ત્યાંજ તે મરી ગયો.

જ્યારે હ૦ અલી અ૦ને ખબર પડી ત્યારે પુછયું કે તેને કોણે કતલ કર્યો ? જવાબ મળ્યો કે કોઇ એક જણેજ કતલ કરેલ નથી, લોકોએ ગુસ્સામાં લાકડીયો જોડા અને લાત મુક્કીયો મારવાથી મરી ગયો, આપે ફરમાવ્યું કે તેને કતલ કરવો જોતો નહતો, હવે જ્યારે તેને મારનાર કોઇ ખાસ જણ નથી અને બલવાથી માર્યો ગયો, તોપણ તેના ખુનનો બદલો તેના વારેસોને બયતુલ માલમાંથી આપો.

આપને તેના એવા નાલાયકી ભરેલા શબ્દોથી ઘણું માઠું લાગ્યું, તેથી માલીકે ઊશ્તરે અરજ કરી કે યા મવલા આપ તે બેહુદા શખસની વાતોથી નારાજ થાઓ નહીં, આપ પ્રત્યે સર્વે જણને સારી લાગણી છે, એકાદ નાલાયકથી કાંઇ ખરાબ લગાડવાનું કારણ નથી, હું તો જેને જોઉં છું તે જાન

માલથી આપની તાબેદારી માટે તૈયાર છે, અમો તો રાહ જોઇ બેઠા છીએ કે આપનો હુકમ થતાંજ જંગ અને લડાઇ માટે રવાના થઇએ, અને આપના દુશમનોને મારીને ઝેર કરીયે, અને આપના કદમો ઉપર જાન કુરબાન કરીએ, કેમકે અમો ખરા અંતઃકરણથી આપને ચાહીયે છીએ, અને આપને હક ઉપર જાણીયે છીયે, અને જેઓએ આપથી વીરૂધતા ઈખ્તીયાર કરી તેઓ ગુમરાહ છે, તેઓએ દુન્યાના લોભમાં દીન વેચી નાખેલ છે, આપ ઝમાનાના ઇમામ છો, આપથી ફરી જઇને ખુદા અને તેના રસુલને નારાજ કર્યા છે, અને દુન્યામાં ઝુલમ ફેલાવીને ઝાલીમ બન્યા છે, અને તેથીજ ખરા ઇમામની ખીદમત અને બરકતથી મહરૂમ અને બેનસીબ છે, અમો જાણીયે છીયે કે આપ તરફ અલ્લાહ છે આપનો મદદગાર ખુદા છે, હર હાલમાં છેવટે આપનીજ ફતેહ છે, અને જંગ કરવાથી ડરવું તે નાદાની છે, કેમકે કોઇ પણ મોતનો વખત આવ્યા વીના મરતુ નથી, અને જંગથી મોઢું ફેરવીને મોતથી બચવા ચાહે તે બચી શકતો નથી તેને પણ અજલ મુકતી નથી. અજલને! જામ સર્વેને પીવો પડશે, મોત એવી ચીજ છે કે કોઇ પણ હીલ્લાથી તે અટકતી નથી, અને મોતનો વખત થયો ન હોયતો તે માંગેથી પણ આવતી નથી.

આ સાંભળીને હ૦ અલી અ૦ ખુશી થયા અને આજુ બાજુના આમીલોને કાગળ લખીને બયઅત લેવા માટે કાગળો લખવા શુરૂ કર્યા, તેમાં પહેલે હમદાનના આમીલ જોરેર બિન અબદુલ્લા બજલી કે તેની નેમણુક ત્રીજા ખલીફાએ કરી હતી તેને કાગળ લખ્યો, તેમાં બીસમીલ્લાહ વીગેરે ધારા મુજબ લખ્યા પછી લખ્યું કે અલ્લાહના બંદા જ્યાં સુધી ખુદાની ઇબાદત અને બંદગીમાં મશગુલ રહે છે ત્યાં સુધી ગુનાહ અને બંડ કરવાથી અમાનમાં રહે છે, આસમાની નેઅમતો હમેશા તેઓ ઉપર નાઝિલ થાય છે, માલ દોલત પણ મળે છે, પણ જ્યારે પોતાની હાલત બદલાવે છે, એટલે ઇબાદત અને બંદગી મુકી આપે છે ત્યારે તેઓની નેઅમત બરકત ચાલી જાય છે, જેમકે તે વીશે ખુદાએ કુરઆને શરીફમાં ફરમાવેલ છે કે "ઇન્નલ્લાહ લા યોગય્યેરો બે કવમિન" (છેલ્લે સુધી) (તેનો ખુલાસો એ કે જે કોમ જ્યાં સુધી પોતાનો હાલ બદલીને ખરાબ ચાલ ચાલતી નથી, ત્યાં સુધી ખુદા પણ તેમની હાલત બદલીને ખરાબ કરતો નથી, પણ જ્યારે તે પોતાની ચાલ બદલી ઉલટા ચાલે છે ત્યારે ખુદા તેઓને ધીક્કારની નજરે જુવે છે અને હાલત ખરાબ કરે છે, અને પછી કોઇ તેઓની હાલત સુધારી શકતુ નથી.)

હવે જાણવું કે મોટેરાઓ અને અશરાફો વીગેરેઓએ મ્હારી બયઅત

કરી છે તેની ખબર હશે, એ શીવાય મારાથી કેટલાંક ફરી ગયા, મારી સાથે બંડ ઉઠાવ્યો, મને બસરે જવાની ફરજ પડી, ત્યાં ફતેહ થઇ, અબદુલ્લાહ બીન અબ્બાસને ત્યાંનો હાકીમ કરીને હું અત્રે કુફે આવ્યો છું એ સર્વે બાબતોની ખબર પડી હશે, હવે મ્હારે શામ તરફની બલાને દુર કરવા જવાનો ઇરાદો છે, કેમકે મોઆવીયાએ મારી સાથે લડાઇ કરવા માટે ફોજ એકઠી કરી છે, અને મ્હારી મુખાલેફત કરે છે, માટે હું તે તરફ જવાને તૈયાર છું, તું પણ બને તેટલા માણસો લઇને જલદી મારી પાસે આવ, વસ્સલામ.

અને જોરેરનો ભાણેજ આ વખતે હ૦ અલી અ૦ની પાસે હાજર હતો તેથી તેણે પણ પોતાના મામાને લખ્યું કે આ કાગળ વાંચીને તાકીદે હ૦ અલી અ૦ની ખીદમતમાં હાજર થવું, પછી એ કાગળો પેક કરીને ઝજર બીન કૈસને આપીને હમદાન રવાના કર્યો, તેણે જોરેરને કાગળ આપ્યો.

જોરેર એ કાગળ વાંચીને મસજીદમાં ગયો, અને લોકોને ભેગા કરીને મીમ્બર ઉપર જઇને કહ્યું કે હ૦ અલી અ૦નો કાગળ આવ્યો છે અને આપે અવી રીતે માંગણી કરી છે, અને હઝરત દીન તથા દુન્યા બન્નેનાં સરદાર છે, આપ હક ઉપર છે, અને હ૦ રસુલે ખુદા સ૦ના અસહાબો વીગેરે એ આપને હક ઉપર જાણીને આપ સાથે બયઅત કરી છે, અને આપની મદદ માટે કમરો બાંધી છે, ખરેખર આપ દરેક વાતે લાયક અને આદીલ છે, આપની સમાન બીજું કોઇ નથી, આપનું ઇલ્મ, શુજાઅત, સખાવત, સર્વેથી વધેલી છે, શરાફત અને બુઝુર્ગી આપની મશહુર છે, હ૦ રસુલ સ૦ના નજીકના સગા છે, મારો મત એ છે કે આપની તાબેદારીમાંજ દીન અને દુન્યાની ભલાઇ રાહત અને આરામ છે, અને જો આપની સાથે દુશમની કરી તો બન્ને જહાનની ખરાબી મુસીબત અને ગમ છે, ખરેખર સંપથી ઉમરમાં બરકત થાય છે; દીલને આરામ મળે છે, અને કુસંપથી બેચેની ઉપરાંત ઊમર ટુકી થાય છે, માટે જો સનમુખના લઇ રાજી ખુશીથી આપની તાબેદારી કબુલ કરશો તો તમારા હકમાં ઘણુંજ બેહતર અને સારૂં છે, અને જો અવળાઇ કરશો તો હઝરતને ફરજ પડશે કે તમારી પાસે તાબેદારી કરાવે.

જોરેરના અવા જુસ્સાદાર છટાથી ભાષણનો એવો અસર થયો કે મસજીદમાં ચારે તરફથી આવાજ આવી કે અમો હઝરતે અમીરૂલ મોઅમેનીન અલી ઇબ્ને અબી તાલીબ અ૦ની ખીલાફતથી રાજી છીએ, અને ઘણીંજ ખુશીની સાથે આપની બયઅત કરીએ છીએ.

આ પછી ઝજર જે કાગળ લાવ્યો હતો તેણે ઉભા થઇને કહ્યું કે એ હમદાનના રહેવા વાળાઓ હ૦ અલીએ મને તમારી પાસે મોકલ્યો છે, અને કાગળમાં તમામ હકીકત લખી છે, અને પોતાના ઇરાદાથી પણ જાણીતા કર્યા છે, તમામ નાના મોટા અમીર ફકીર અદના અઅલાએ ઉતસાહની સાથે આપની બયઅત કરી છે, અને તન મન તથા ધનથી આપ માટે તમામ સામગ્રી અર્પણ કરવા તૈયાર છે, માટે આ વીશે તમારો શું ઇરાદો છે ? અને કાગળનો જવાબ કેવો આપો છો ?

સર્વેએ એકમતે કહ્યું કે અમોએ તો આપની પેહલેજ અમારા વીચારો જાહેર કર્યા કે અમો પણ એ મૌલાની ખુશી માટે જે કાંઇ ફરમાવે તે કરવા તૈયાર છીએ.

આ પછી જોરેર ઘણા માણસો અને સામાન લઇને હમદાનથી હ૦ અલી અ૦ની ખિદમતમાં કુફે ઠાઠમાઠથી ગયો, અને મૌલાની ખિદમતમાં હાજર થઇને બયઅત બજાવી લાવ્યો.

એજ પ્રમાણે હ૦ અલીએ આઝુર બાઇજાનમાં ઉસમાન ખલીફાના વખતના આમીલ આ શખસ બીન કૈસને મોહબ્બતથી કાગળ લખ્યો, તેમાં બીસ્મીલ્લાહ વી૦ પછી લખ્યું કે તારા ઉપર વધારે ભરોંસો હતો કે તું ઇલ્મ અને સમજ અને અક્કલવાળો છો તેથી સર્વેથી પહેલે મારી પાસે આવીને મ્હારી બયઅત કરીને દોસ્તોમાં શામીલ થયો પણ તેના બદલામાં તારા તરફથી એવી વાતો સાંભળવામાં આવે છે કે તેના કારણથી તને બોલાવામાં ઢીલ થઇ, અને તારી ખરાબ વર્તણુંકને ગઇ ગુજરી વાત જાણી ભુલી જઇ તારી નેક વાતોને ધ્યાનમાં લઇને હવે હુકમ કરૂં છું કે આ કાગળ વાંચીને તરત મારી પાસે આવ, અને બની શકે તેટલા માણસો સાથે લાવ, કેમકે મારે શામ તરફ લડાઇ માટે જવાની ફરજ પડી છે, અને જે જે બનાવ બન્યા અને લોકોએ મ્હારી બયઅત કરી વીગેરે તને ખબર હશે, અને ધ્યાનમાં રહે કે તને આઝુર બાઇજાન જો હાકીમને મેલ છે તેથી તે તારી મીલકત થઇ પડી નથી, પણ તેતો એક જાતની ભારે જોખમની અમાનત છે, કે જેને બરાબર સાંચવવી જુવે, અને માલ દોલત મળે તે બયતુલ માલમાં દાખલ થવી જુવે એ માલ દોલત તારો હક નથી, પણ તું એક ખજાનચી તરીકે છો, તારે સારી રીતે સાંચવવાની ફરજ છે, અને નકામો ખરચ કરવો ન જુવે, માટે જેટલું નાણું ભેગું હોય તે તમામ લાવીને બયતુલ માલમાં શામીલ કરીદે અને એ પણ ધ્યાનમાં રહે કે અમારી મરજી મુજબ વરતીશ

તો ઇન્શાઅલ્લાહ એ હુકુમત તનેજ રેહશે, અને તારી નેક કારકીર્દી અમો ભુલી જનાર નથી

પછી આપે એ કાગળ ઝીયાદ બીન મરહબ હમદાનીને આપીને ફરમાવ્યુ કે આઝુર બાઈજાનમાં જઇને અશઅસ બીન કૈસને આપજે, અને અશઅશના કાકાનો દીકરો ભાઇ હાજર હતો તેણે પણ એક કાગળ લખીને આપ્યો કે તમામ જણાઓએ હ૦ અલી અ૦ ની બૈઅત રાજી ખુશીથી કરી છે અને મેં પણ બયઅત કરી છે, મેં ઊસમાનના ખુન વીશે ઘણી તપાસ કરી પણ તેમાં હ૦ અલી અ૦નો હાથ નથી, માટે એ હજરતનો કાગળ વાંચીને બયઅત કરવા માટે કાંઇ પણ આનાકાની કે હીલ્લો કરવો નહી, બલકે આ કાગળ વાંચીને બરહક અને ખરા ઇમામની બયઅત કરવા તરત આવજે એ જનાબ હક ઊપર છે, તમામ કરતા તમામ બાબતોમાં અફઝલ છે, હું જે કાંઇ લખુ છું તે ખરૂં જાણીને મને પોતાનો ખૈર ખ્વાહ માનજે.

પછી કાસીદે જઇ એ બન્ને કાગળ અશઅસને આપ્યા, તેણે કાગળ વાંચીને સર્વે જણને જુમ્મા મસજીદમાં એકઠા કરીને ખુતબો પડીને સંભળાવ્યું કે જેને થોડી ચીજ બસ થતી નથી તે ઘણીથી પણ સેર થતો નથી, આ આઝુર બાઇજાનની હુકુમત મને ઉસમાને આપેલી અને તે આજ સુધી મ્હારા કબજામાં છે પણ હવે તેનો અંત આવ્યો છે, કેમકે મને હ૦ અમીરૂલ મોઅમેનીન અ૦ નો કાગળ આવ્યો છે, તેઓ મને બોલાવે છે, તેઓની બયઅત સર્વે એ રાજી ખુશીથી કરી છે, તેઓ આલી ખાનદાન અને દીન તથા દુન્યાના પેશવા છે, તેઓની ઇમામત અને ખિલાફતથી અમો રાજી છીએ, માટે આ વીશે તમારો શું મત છે? સર્વેએ અરજ કરી કે અમોએ એ હઝરતની બયઅત કરી અને તેઓથી રાજી છીએ, તેઓ શીવાઈ બીજા કોઇની સાથે અમારે વાસ્તો નથી તેઓની તાબેદારી કરવા તૈયાર છીએ.

પછી કાસિદ ઝિયાદ બીન મરહબે મીમબર ઉપર જઇને ખુદાની તઅરીફ અને રસુલે ખુદા સ૦ ના વખાણ કરી તેમના તથા તેમની આલ ઉપર સલવાત અને દોરૂદ પડીને બોલ્યો કે અએ લોકો ઉસમાનના મામલા વીશે હવે કાંઇ પણ વીચાર કરવો નકામો છે તેમાં કાંઇ ફાયદો નથી, જે થયું તે થયું, અને જે કાંઇ ખરી વાત છે તેતો છુપી ગઇ, મતલબ્યાઓએ જે વાત ઉડાડી તેમાં વજુદ નથી, હવે તો હ૦ અલી અ૦ સાથે સર્વેએ રાજી ખુશીથી કાંઇ પણ જબરાઇ કે સખતી વીના હુબથી બયઅત કરી છે, અને એમ પણ બન્યું કે બયઅત કરવા પછી કેટલાંકે બયઅત તોડી નાખીને બસરા વાળાઓને

ઉશકેરીને હ૦ અલી અ૦ સાથે બંડ ઉઠાવ્યું, પણ અલ્લાહ તઆલાએ તેઓને તે બંડના ફ્ળે પહોંચાડયા, ઝુલ્મની સજા આપી, હઝરત અલી અ૦ને છેવટે ફતેહ મળી, હાસલ કલામ હું એ જનાબનો કાસીદ અને એલચી છું અને તેમનો હુકમ તમોને સંભળાવવા આવ્યો છું માટે તમો તેમની તાબેદારી કરવા તૈયાર થાઓ.

આ સાંભળીને સર્વેએ એકી આવાજે કહ્યું કે અમો હ૦ અલી અ૦ ની બયઅત કરીએ છીએ, પછી અશઅસ મસજીદમાંથી ઉઠીને પોતાને ઘરે ગયો અને પોતાના દોસ્તો તથા સગાઓને બોલાવીને કહ્યું કે જો કે હ૦ અલી અ૦ બુઝુર્ગ છે અને તેમની તાબેદારી લાઝીમ છે, અને એ પણ સમજુ છું કે જો તેમની પાસે જઇશ તો મેહર અને મોહબ્બત કરશે, પણ તેમણે અહીંના ખજાના વીશે લખ્યું છે કે મારો હક નથી અને તમામ લાવીને બયતુલ માલમાં દાખલ કર, તો આ વાતથી મને ઘણુંજ ખરાબ લાગ્યું છે, તેથી હું હ૦ અલી પાસે જવા ચાહતો નથી, બલકે મોઆવીયાહ પાસે જાઉં તો આ માલ બચી જાય, માટે તમો આ વીશે શું મત આપો છો?

તેના જવાબમાં સર્વેએ કહ્યું કે તોબા તોબા તું અવી શું વાત કરે છે? મોઆવીયાહ પાસે જવા કરતા તો મરી જવું બેહતર છે હ૦ અલી અ૦ કે જેઓ હઝરતે રસૂલે ખુદા સ૦ના ભાઇ અને તેમના ખરા વસી છે તેમનો દામન મુકીને શામ જવું તે મુર્ખાઇનું કામ છે, અમો કોઇ પણ તારો સાથ આપનાર નથી, જો તું પોતાના સગા વહાલા અને દોસ્તોને તજીને કેવી રીતે એકલો જઇશ? અરે તું કાંઇ સમજતો પણ નથી? કે મોઆવીયાહની પાસે જવાને હ૦ અલી અ૦ પાસે જવા કરતા વધારે પસંદ કરે છે?

આ સાંભળીને અશઅસ ઘણોજ શરમાણો અને સમજ્યો કે પોતાનો મત નકામો અને ખરાબ છે, વળી કોઇ સાથ આપે તેમ નથી તેથી સનમુખના લઇ પોતાના નોકર ચાકર ખીદમતગાર હુઝુરી વી૦ને દીલાસો આપીને કુફે હ૦ અલી અ૦ ની ખીદમતમાં ગયો અને આપની બયઅત કરી લીધી, આપે માન ઇકરામ આપીને તેના આવવાથી ખુશી જાહેર કરી.

પછી અકતફ બિન કૈસે અરજ કરી કે યા હઝરત બની સઅદ બિન ઝૈદ બિન મનાફ કબીલા વાળાઓએ જમલની લડાઇમાં તેઓએ આપનો સાથ એટલા માટે આપ્યો ન હતો કે તેઓને તલહા અને ઝુબેરે શકમાં નાખ્યા હતા, પણ તેઓ તે વીશે પસતાણા છે, અને હવે ઇ૦ આપનો સાથ જરૂર

આપશે અને આપની સાથે મોહબ્બત રાખે છે, અને મોઆવીયાહથી અણગમો રાખે છે, અને એ સર્વે બસરામાં મવજુદ છે, આપ ફરમાવો તો હું તેઓને આપની તાબેદારી અને ખિદમત ગુજારી માટે કાંઇ લખું કે તેથી બહુજ ઊતાવળથી આપની ખીદમતમાં હાજરથઇ પોતાથી થઇગએલી ભુલનો બદલો કરે.

બની તમીમના કબીલાના લોકો આ વખતે કેટલાંક હાજર હતા તેઓએ આ વાત પસંદ કરીને કહ્યું કે ખરેખર આ મત ઘણોજ સારો છે, અને હ૦ અલી અ૦ એ પણ રજા આપી કે ભલે જેમ બેહતર સમજો તેમ કરો.

પછી અહનફ બીન કૈસે પોતાના કુટુંબીયો તથા દોસ્તોને સર્વે હકીકત લખી મોકલી કે તમારા શીવાય બની તમીમમાં કોઇ પણ હ૦ અલી અ૦ની બયઅત કર્યાવીના બાકી રહ્યું નથી, સર્વેએ રાજી ખુશીથી બયઅત કરી છે ત્યારે હવે તમો ઢીલ કરો નહીં અને જાણો કે આજ જે કાંઇ તમારા કબજામાં છે તે મારી નેક સલાહના કારણેજ છે, તેમજ તમો જાન માલ સહીત સલામત રહયા છો તે પણ મ્હારી સારી તદબીરનું ફલ છે, અમોએ હ૦ અલી અ૦ ની તાબેદારી ઇખ્તીયાર કરી છે, અને જાન માલથી અમોએ તેઓની ખીદમત કરી છે અને હવે શામ તરફ જવા તૈયાર છીએ કે એ ભારે લડાઇને પણ ફતેહ કરીએ, હાસલ કલામ જે બાબત આપના હકમાં બેહતર અને ઊત્તમ લાગી તેથી તમોને માહીતગાર કર્યા માટે હવે જેમ બને તેમ તમારા દોસ્તો સહીત બહુજ જલદી હઝરતે અમીરૂલ મોઅમેનીનઅ૦ ની ખિદમતમાં આવીને બયઅત કરો, અને સારી પેઠે સમજજો કે હ૦ અલી અ૦ નો સીતારો પણ કમાલ ઉપર છે, કોઇ વાતની ચીંતા રાખવી નહીં, વળી લખું છું કે કોઇ જાતનું બહાનું કાઢવું નહીં કાંઇપણ આનાકાની વીના બે ધડક અમીરૂલ મોઅમેનીન અ૦ ની ખીદમતમાં હાજર થવું કે તેમાંજ તમારા માટે દીન અને દુન્યા બન્નેની ભલાઇ છે વસ્સલામ.

જ્યારે એ કાગળ બની તમીમને પહોંચ્યો ત્યારે તેઓએ એ વીશે બરાબર ધ્યાન આપીને વીચાર ચલાવ્યો તો એ કાગળનો મતલબ તેઓને બરાબર વાજબી અને ખરો લાગ્યો તેથી સર્વે એકમત થઇને બસરેથી રવાના થઇને કુફે આવી હ૦ અલી અ૦ ની બયઅત કરીને ઈકરાર કર્યો કે અમો એવી શરતે બયઅત કરીએ છીએ કે અમો આપની ખીદમતમાં રહીશું અને જાન માલથી આપના હુકમના તાબે રહીને જે ફરમાવશો તે કરીશું, અને આપ શામ લઇ જશો તોપણ અમો ખુશીથી આપની સાથે આવીશું.

પછી હ૦ અલી અ૦ મે ફરમાવ્યું કે હું મોઆવીયાહ ઉપર ઝુલમ કરવા ચાહતો નથી તેમજ મક્કર અને ફરેબ કરવા પણ પસંદ કરતો નથી કેમકે એ બાબતો કોઈ રીતે સારી નથીજ, અને જે શખ્સે જમાનાને સારી પેઠે અજમાવ્યો હોય અને તેના નરમ ગરમ હાલને જોયો હોય તેમજ કડવાસ અને મીઠાસનો સવાદ ચાખ્યો હોય ચડતી પડતી જોઈ હોય નરમી સખ્તી વેઠી હોય તે શખ્સ મ્હારો કાગળ લઇને મેઆવીયાહ પાસે જાય કેમકે હું તેને સમજાવી અને નસીહત કરીને હક રસ્તા ઉપર લાવવા ચાહુ છું, કે રખે ને તે પોતાનો નાફરમાનીનો ઇરાદો મુકી આપીને રખેને નેકબખ્તી હાંસીલ કરે, પણ કોઇ રીતે તે નહીં સમજે અને પોતાની ગુમરાહી અને નાફરમાની ઉપર કાયમ રહેશે તો તેની સાથે હું જંગ કરીશ.

આ સાંભળીને જુરેર બિન અબદુલ્લાહ બજલીએ અરજ કરી કે યા અમીરલ મોઅમેનીન અગર આપ મને એલચી તરીકે તેની પાસે મોકલો તો હું જઈને સમજાવીશ કેમકે તેની સાથે મારે દોસ્તી હતી અને કોઇ વખત મ્હારા કેહવાથી ઊલટું કરતો નહોતો તેથી મને ખાત્રી થાય છે કે તે મ્હારા કેહવાને જરૂર કબુલ કરશે અને અહીંયા આવીને આપની બયઅત કરી લેશે એ શીવાય હું શામવાળાઓને પણ સમજાવીને આપની બયઅત કરાવીશ કેમકે ત્યાં મ્હારા જુના પુરાના સગા વ્હાલા ઘણાં છે.

હઝરત અલીએ જવાબ આપ્યો કે એ જુરેર આ કામ કરવા માટે બીજા કેટલાએક ભરોંસાવાળા તૈયાર છે પણ તું આ કામ માથે લીયે છે અને હું પણ જાણુંછું કે તું લાયક અને ભરોંસા વાળો છો માટે તુજ મારો કાગળ લઇને જા. અને મોઆવીયાહને સારી પેઠે સમજાવીને કહેજે કે તમામ બાબતો મુકી આપીને હક રસ્તા ઉપર ચાલ અને હ૦ અલીની બયઅત અને દોસ્તી ઇખત્યાર કર, એમ કહીને કાગળ લખીને હવાલે કરીને જુરેરને આપીને રવાના કર્યો અને તે કાગળ લઇને બહુજ જડપથી શામ જઇને મોઆવીયહને આપ્યો, મોઅવીયહએ જુરેરને માન આપીને પોતાની પાસે બેસારીને સભ્યતાથી પુછ્યું કે તું શા માટે આવ્યો છો અને તે તરફનો કેવો હાલ છે??

જુરેરે જવાબ આપ્યો કે ત્યાંની તમામ ખબરો સારી છે અને હું તમારી પાસે ખાસ તમારા ભલા માટે આવ્યો છું કે તમો હ૦ અલી અ૦ની બયઅત કરી લ્યો કેમકે તેમાજ તમારી ભલાઇ છે કે તેઓની બયઅત કરવી તે નબી સાહેબના ખરા વસી અને ઇમામની તાબેદારી કરવાનું છે, તમો

આ વિશે ઉતાવળ ન કરતાં બહુજ ઉંડો વિચાર કરી જુઓ પણ તે સાથે ખોટા ખ્યાલ દુર કરો, અને એ પણ ધ્યાનમાં રહે કે તમારા તમામ ભાયાત મક્કા મદીના તેમજ એરાક અને હેજાઝ વાળાઓએ હ૦ અલી અ૦ની બયઅત કરી છે અને જે જે ગવરનર અને હાકીમ હતા તેઓએ પોતાના તાબેના ઈલાકા હ૦ અલી અ૦ ને સોંપી દીધા છે અને તમારી પાસે થોડાક કીલ્લા સીવાય બીજું કાંઇ નથી અને જો હ૦ અલી અ૦ આ તરફ આવેતો તેઓની મહેર અને મોહબ્બત તથા રીત ભાત જોઇને તમામ જણ તેઓના તરફદાર થઇ જવાના એટલુંજ નહીં પણ તમારૂં લશ્કર તેમની સાથે મળી જવાનું અને તેથી આ થોડાક કીલ્લા તમારી પાસે છે તેપણ હાથમાંથી જવાના અને તમો એકલા થઇ જશો માટે હું જે કાંઇ દોસ્તીનો હક અદા કરૂં છું તેને માન્ય રાખીને મારી સાથે ચાલો તો તમારી તમામ મુરાદો પુરી થશે એટલુંજ નહીં પણ આ ઇલાકો પણ તમોને સોંપવામાં આવશે અને હ૦ અલી તમારા ઉપર ઘણીજ મહેરબાની અને નવાઝીશ ફરમાવશે અને તેઓની ઝીન્દગી સુધી તમો નીરભયથી હુકુમત ચલાવશો.

અને ઉસમાનના ખુન વિશે જે ગડબડ અને ધામધુમ તમોએ મચાવી છે તે તદ્દન ગેર વ્યાજબી અને ખોટી છે તમો સારી પેઠે જાણો છો, કે એ ખુનમાં હ૦ અલી અ૦નો બીલકુલ હાથ નથી પણ મતલબ્યાઓએ તમોને આડી અવળી વાતો સમજાવીને હ૦ અલી અ૦ સાથે લડવા ઉશકેર્યા છે, માટે તેઓના ફરેબમાં આવીને અવી મોટી ભારે બલા વોરી લેવી તે તમારા જેવા સમજુનું કામ નથી, હાંસલ કલામ મેંતો તમારી ખૈર ખ્વાહી અને ભલાઇની જે વાત હતી તે કહી પછી તમારી મરજી પરમાણે કરવા તમો મુખતાર છો.

આ સાંભળીને મોઆવીયાએ કાંઇ જવાબ આપ્યો નહીં પણ હ૦ અલી અ૦ નો કાગળ વાંચીને જુરેરને આપીને કહ્યું કે વાંચ આમાં શું લખે છે, જુરેરે એ કાગળ વાંચ્યો તેમાં બિસમીલ્લાહ પછી લખ્યું હતું કે તમામ મોહાઝીર અને અનસારે ઇમામત અને ખીલાફત વીશે વીચાર તથા મશવેરો કરીને એક જણને મને ઇમામ તરીકે માન્ય રાખેલ છે અને તે સાથે અહદ કર્યો છે કે જેઓ અમારા કામથી રાઝી નહીં થાય તેઓ સાથે જંગ કરીશું અને મ્હારી સાથે બસરાવાળાઓએ બંડ જગાડીને ખુનરેજી કરી અને અલ્લાહ તઆલાએ મને તેઓ ઉપર ફતેહ આપી તે તમો સારી પેઠે જાણતા હશો, અને તમો ઉસમાનના ખુન વીશે ઘણીજ ધામધુમ કરો છો પણ એમ ન કરતા

પહેલે મારી બયઅત કરીને મુસલમાનો સાથે મળીને એક મત થાઓ, પછી ઊસમાનના વારસો મારી પાસે એ ખુન વીશે ફર્યાદ કરે, તો પછી હું કીતાબે ઇલાહી મુજબ જે હક અને વાજબી હશે તે મુજબ ફેસલો કરીશ.

પણ તમો હાલમાં આડે માર્ગે ચાલીને જેમ બચ્ચાને ફોસલાવીને દુધ મુકાવા હીલ્લા કરે છે તેમ હિલ્લા કરો છો, અને જો ઇન્સાફથી જુવો તો ઊસમાનના ખુનથી હું જેટલો વેગળો છું તેટલો બીજો કોઇ નહીં હોય, તમો એમ જાણતા હો કે તમો ખિલાફતને લાયક છો, તો ખોટો ખીયાલ દિલમાંથી દુર કરી નાખજો, કેમકે ખિલાફતની લીયાકત તમારામાં નથી, આ કાગળ જુરેરની સાથે મોકલ્યો છે, કે તે દીનદાર ઇમાનદાર માણસ અને લાયક તથા સમજુ છે, અને તેની સાથે ઝબાની પયગામ પણ મોકલ્યો છે કે જે સાંભળવાથી તમો ખુશ થશો માટે બેહતરી છે, એટલૂંજ નહીં પણ આકેબત ખૈર થઇને ઇસ્લામીયોમાં તમારૂં નેક નામ મશહુર થશે, આ તમામ છતાં ઊંધે રસ્તે દોરાઇને મ્હારી સાથે લડાઈમાં ઊતરીને પોતાને હલાકતમાં નાખશો તો હું ખુદા પાસે મદદ માંગીને મુકાબેલો કરીશ અને જે કાંઇ મુનાસીબ હશે તે પ્રમાણે વરતીશ બસ તમામ શકિત અને કુવ્વત તેજ પરવરદિગારે અલીય્યુલ અઝીમને માટેજ છે.

એ કાગળ વાંચીને જુરેર પોતાને ઊતારે ગયો, અને બીજે દિવસે જુમ્મામસજીદમાં ગયો એ સાંભળીને લોકો ટોળે ટોળાં આવવા લાગ્યાં અને મોઆવીયાહએ પણ હાજરી આપી, જુરેરે બહુજ છટાથી નસીહત અને વાએઝ કરવી શુરૂ કરી, અને હ૦ અલી અ૦ની બયઅત કરવા માટેનો શોખ અપાવ્યો અને તે સાથે કહ્યું કે તમામ મોહાઝીર અને અન્સારે રાજી ખુશીથી બલ્કે ભારે ઊત્સાહથી અમીરૂલ મોઅમેનીન હ૦ અલી અ૦ની બયઅત કરી છે અને તેઓને બરહક ઇમામ સ્વીકાર્યા છે, અને બસરાવાળા નાફરમાની કરીને સામે થયા તેથી તેની સજા પામ્યા કે પોતાના માથા ધડ ઊપરથી ઊતરાવી નાખ્યા અને એ બનાવ એવો ભયંકર બન્યો કે કોઇ વખત એવો બન્યો ન હતો કે એ મગરૂરોના માથા ધડાધડ તનથી જુદા થતા હતા અને પોતાના લોહીમાં તડપતા હતા.

યાદ રાખો કે અલી એજ અલી છે કે જેઓને તમો જોઇ ચુકયા છો, તેમની શુજાઅત અને બહાદુરીથી તમો સારી પેઠે વાકેફ છો, ઊપરાંત તેઓની મહેરબાની અને રહેમ મશહુર છે, અગરચે સર્વે નાના મોટા તેમજ અમીર અને ઓમરાઓએ આપની બયઅત કરી છે પણ કદાચ આપની બયઅત કોઇ

પણ ન કરતે તોપણ આપણને લાઝીમ થાત કે હ૦ અલી અ૦ સીવાય બીજા કોઇની પણ બયઅત કરતે નહીં.

અને હું મોઆવીયાહને પણ કહું છું કે તમો પણ હ૦ અલી અ૦ની બયઅત કરી લયો કેમકે બયઅત નહીં કરવામાં હલાકત અને ખુદાને નારાજ કરવાનું કારણ છે, અને અગર તમો કેહતા હો કે આ ઇલાકાનો મને હ૦ ઉસમાને હાકિમ કર્યો છે અને કદી દુર કર્યો નથી પણ તેમની વફાત થવાથી તમો દુર થયા છો અને તમામ ચીઝો ઊપરથી તમારો હક ઉઠી ગયો છે કેમકે કાયદો છે કે એક હાકીમના મરણ પછી તમામ સત્તા બીજાના હાથમાં આવે છે અને તે જેને ચાહે તેને બહાલ રાખે અને જેને ચાહે તેને દુર કરે છે.

આ તમામ વાતો ધીરજથી મોઆવીયાહએ સાંભળી અને વચમા કાંઇ પણ જવાબ આપ્યો નહીં પણ થોડી વાર પછી કહ્યું કે અલ્લાહ તઆલાએ મને ઇજ્જતનો પોશાક પહેરાવ્યો છે અને પોતાની પ્રકાર પ્રકારની નેઅમતો મને બક્ષી છે માટે એઇજ્જતનો પોશાક ઉતારીને બેઈઝ્ઝતી અને હલકાઇ હું કબુલ કરનાર નથી, બલકે મને ઉમેદ છે કે મ્હારા દુશ્મનો અને હસદખોરો ઊપર અલ્લાહ મારી મદદ કરશે, અને તમો સરવે જાણો છો કે મને બીજા ખલીફાએ અહીંનો ગવરનર કર્યો છે અને ત્રીજા ખલીફાએ પણ મને બહાલ રાખ્યો છે તો અટલી મુદ્દત સુધી મેં હુકુમત ચલાવી અને કોઇ ઉપર ઝુલ્મ કર્યો નથી એટલુંજ નહીં પણ કોઈની આબરૂ ઉપર પણ હાથ નાખ્યો નથી, અને લોકોએ ત્રીજા ખલીફા હ૦ ઉસમાનને ઝુલ્મ કરીને કતલ કરી નાંખેલ છે; તો તે વીશે ખુદાએ કુરઆનમાં ફરમાવ્યું છે કે **વમન કતલ મઝલુમન ફકદ નઅલના લે વલીય્યેહી સુલ્તાના** એટલે કોઇને વગર ગુનાહે કતલ કરે તેના વલીને હું બદલો લેવાની સત્તા આપું છું તો હું ઊસમાનનો વલી અને વારસ છુ માટે જરૂર તેમના ખુનનો બદલો લઇશ માટે આ વીશે તમો સર્વે હાજર લોકો કહો કે એ બદલો લેવો કે એમજ ખામોશ બેસી રહેવું? તમારી એ વીશે શું મરજી છે? આ સાંભળીને શામવાળા કેહવા લાગ્યા કે અમો ઊસમાન ખલીફાના ખુનનો બદલો લેવા ચાહીએ છીએ.


આ સાંભળીને જુરેર સમજ્યા કે શામવાળા ઊંધે રસ્તે દોરવાઇ ગયા છે તેથી વધારે ન બોલતાં પોતાને ઊતારે ગયો, એ તમામ વાત હ૦અલીઅ૦ને પહોંચી ગઇ તેથી આપે શામ તરફ જવા માટે ઇરાદો કર્યો અને બહુજ ઝડપથી લશ્કર એકઠું કરવા લાગ્યા પણ ઘણા જણ શામ જવા માટે રાજી થતા નહતા અને માલીકે ઉશ્તર અદીઅીન હાતીમતાઇ, ઉમર બીન હુમ્ક ખીઆઇ,

સઈદ બીન કૈસ હમદાની, હાની બીન ઊરવા મળીને પાંચ જણાઓએ હઝરત અલીને અરઝ કરી કે લોકો જાનના ખોફથી લડાઇ માટે નીકળવા ચાહતા નથી પણ અમે તો ઘણા ખુશી છઇએ કે આપની સાથે આવીને દુશ્મનો સાથે લડીએ અને આપની ફતેહ થાય અને અમો જીવતા રહીએ તો પણ ઠીક છે અને અગર માર્યા જઇએ તો પણ અમો પરવા રાખતા નથી, માટે લોકોના બોલવા તરફ ખ્યાલ કરો નહીં અને જેમ બને તેમ બહુજ જલ્દી જેટલાં આવે તેટલાંને લઇને ચાલો, કેમકે જેટલી વધારે ઢીલ કરશો તેટલી મોઆ-વીયાહ વધારે મજબુતી કરશે.

હઝરત અલીએ ફરમાવ્યું કે તમારી વાત વાજબી અને ખરી છે પણ મેં કાસીદને મોકલ્યો છે તે જ્યાં સુધી જવાબ લાવે નહીં ત્યાં સુધી ચડાઇ કરીને જવું તે અકલમંદીનું કામ નથી.

જુરેર હમેશા મોઆવીયાહ પાસે જઇને કાગળનો જવાબ અને રજા માંગતો હતો પણ મોઆવીયાહ આડા અવળા બહાના કરીને રોકી લેતો હતો અને કેહતો હતો કે તું જલદી કર નહીં કેમકે હું શામવાળાઓ સાથે મશવેરો કરીને પુરસતે વીચારીને હ૦ અલીના કાગળનો જવાબ લખીને રજા આપીશ, એ પ્રમાણે ઘણા દીવસો કાઢી નાખ્યા અને તે દરમીયાન લડા-ઇનો તમામ સામાન તૈયાર કરતો હતો.

અને એ દરમ્યાન ફીલસ્તીનમાં ઉમર ઇબ્ને આસને કાગળ લખ્યો કે તને ખબર હશે કે ઝુલમ અને સીતમથી ઊસમાનનું ખુન થયું છે અને કુફા તથા બસરાવાળાઓએ અલીની બયઅત કરી લીધી છે અને અલીએ જુરેરની સાથે મને કાગળ મોકલ્યો છે કે મારી પાસે આવીને બયઅત કર અને મને ઘણાં સારા વાયદા આપ્યા છે, અને મેં કાગળનો હજી સુધી જવાબ લખ્યો નથી તેમ કાસીદને પણ પાછો જવા દીધો નથી માટે તું જલદી આવ એટલે આપણે બન્ને એકમત થઇને કોઇ ઠેરાવ ઉપર આવીએ.



# અમારે ત્યાં મળતી ઈસ્લામી કીતાબો[illegible]નું ટુંક લીસ્ટ.

મોટું લીસ્ટ ટીકીટ મોકલી મંગાવો તફસીર ચોપાન્યા શીવાય પો૦ જુદુ
કુરઆનેશરીફની આલીશાન મ્હોટી તફસીર ૧ ભાગના રૂ ૧૦ ત્રણુ ભાગના રૂ ૩૦
કુરઆને શરીફ અરબી તથા ગુજરાતી, ગુજરાતી તરજુમા સાથે રૂ ૧૦
અમુલ્ય તાવીજ હરણ્યાના ચામડા ઉપર કસ્તુરીથી લખેલું રૂ ૨॥ રૂ ૫
લોઅલોઓ વલ્મર્જાન ઇમામે હુસેન અ૦નું જીવન ચરિત્ર ઈ૦ છપાશે રૂ ૪
ખુશબુએ બેહીશ્ત વધારા સુધારા સાથે ૫૦ મજલીસ વી૦છે રૂ ૨॥
આફતાબે હકીકએ શહાદત ૧૪ માઅસુમ વી૦ની ૪૦ મજલીસ રૂ ૨
કુરઆને શરીફ લોકીટમાં દુરબીન સાથે છેડામાં પણ રાખી શકાય રૂ ૨
આખુ કુરઆન ૨૮-૨૧ ઇંચના એકજ પાનામાં ભારે શોભાયમાન રૂ ૧॥=
તોહફતુસ્સાએમીન માહે રમઝાનના અઅમાલ ૩૦ વાએઝ વી૦ રૂ ૨
કુરઆનેશરીફ મોટા હરફ ઉંચા કાગળ દરેક સીપારે નકશા રૂ ૩॥=
મુખ્તાર નામું મોટું બહુજ લંબાણથી સોનેરી નામ ૩૫૦ પેજમાં રૂ ૨
ઝાદુસ્સાલેહીન બારે મહિનાના અઅમાલ વી૦ની મોટી કીતાબ રૂ ૧॥
અલ્હાદી કાદયાનીના રદમાં અહલેબૈતના ફઝાએલમાં છપાશે રૂ ૧॥
કસસુલ અંબીયા, નબિયોનો અહવાલ બે ભાગમાં દર ભાગનો રૂ ૧॥
અમ્માનો પારો અરબી ગુજરાતી, તરજુમા અને તફસીર સહિત રૂ ૧॥
ફાલ વી૦ જોવાની હ૦ દાનિયાલ નબિની કીતાબનો તરજુમો રૂ ૧॥
કુલસુમનું કીસ્મત બહુજ રસકસથી ભરપુર સોનેરી નામ પેજ ૪૩૨ રૂ ૧॥
શેહઝાદી હુરનો ભારે ઉમદા રસીક કીસ્સો ઇ૦ છપાશે રૂ. ૧॥
મેઅરાજુસ્સઆદહ ભાગ ૧ લો નફસની બીમારીયોનો ઇલાજ રૂ ૧।
નહજુલ બલાગહ, હ૦ અલીએ ફરમાવેલા ખુતબા વી૦ સોનેરી નામ રૂ ૧।
અહવાલુન્નીસા ખાસ ઓરતોના અહવાલની મશહુર અનેમાઅરૂફ રૂ ૧।
દુર્રે બેબહા જેમાં ૧૨ ઇમામ ૧૪ માઅસુમ અ૦નો અહવાલ છે રૂ ૧।
શેહઝાદી અબ્બાસાનો તવારીખી રસિક અહવાલ સોનેરી નામ પેજ ૪૫૦ રૂ ૧।
હદીકએ શીઆહ, શીઆહ મઝહબ વી૦નો ઉમદા અહવાલ રૂ ૧)
સાબીતનામું, મુખતાર પછી તેમના ફરઝંદે ઝાલીમો સાથે કરેલી જંગ રૂ ૧
માઅરેફત મોટી ખુદાની માઅરેફતની દલીલો વિચિત્ર કારિગિરિયો રૂ ૧
તોહફતુલ મોઅમેનાત જ૦ ફાતેમા અ૦નો અહવાલ સોનેરી નામ પેજ ૨૦૦ રૂ ૧
ઝાદુલ આખેરત દસ મજલીસની મોટા હરફની મશહુર છે તે રૂ ૧।
મોઅજીઝાતે મુરતઝવી હ૦ અલી અ૦ના ઉમદા ૫૦ મોઅજીઝાની રૂ ૧
રોઝતુશ્શોહદા દસ મજલીસની ઉરદુ ભાષામાં મશહુર કીતાબ રૂ ૧
[illegible]

મોસકીટનું ઈસલામ ખ્રીસતેધર્મનું ખંડનનું નોવેલ સોનેરીનામ રૂ૦ાા
કમરે બની હાશમ, હઝરતે અબ્બાસ અ૦નું જીવન ચરિત્ર રૂ ૦ાા
નુરૂલઓયુન યાસીન વી૦૭ સુરા અરબી ગુજરાતી તરજુમાસાથેરૂ૦ાા
આલીશાન વાએઝ બાર ઇમામ વિશે બાર બાર હરફનીઇબારતોરૂ૦ાા
ફોટા મકકા, મદીના, કરબલા, નજફ વી૦ વી૦ના દરેકના રૂ૦ા≡
મજમુઅએ સલામ ૬૦ સલામની ઝાકીરોના કામની તૈયાર છે રૂ૦ા=
રાહે ફિર્દોસ ૭૦ ગુનાહે કબીરા, તફસીર ખુલાસા સાથે રૂ ૦ા=
અસહાબે કહફનો અજાએબ રસીક ઉમદા કીસ્સો રૂ ૦ા=
શેહઝાદીમલેકા, મલેકાફકીહનો અજાએબાતબયાનોનો કીસ્સો રૂ૦ા=
જંગે ખૈબર મોટી યાદગાર લડાઈ તફસીલથી પેજ ૧૨૪છે રૂ૦.=ાા
વઝીફેહુશ્મનદફેથવામાલમળવાનાઅમલઉમદાદોઆઓઇસમની રૂ૦ા-ાા
મનકબત જુદાજુદા શાએરોની ઉમદા ઉમદા ૧૮ છાપીછે૦-પો જુદુ.
મજમુઅએ પેશખ્વાની બહુજ હીકકતવાળી ૭૨ પેશખ્વાની રૂ ૦ા
બહરેગમ ચુંટીને ઉમદા ઉમદા જુદા જુદા ૧૦ મરસીયાનીછે રૂ૦ઃ
નહરેગમ મનાકેબ, દુરૂદ, ૭૫ નવહા ૧૦ સલામ ૩૯ રૂબાઇની રૂ૦ઃ-
દુરબીનો મકકા, મદીના, કરબલાવી૦ના નકશાનીહેડામાંરાખવાનીરૂ૦ા
ગુલશને માતમ જુદી જુદી જાતના ઉમદા ૬૦ નવહા વી૦ રૂ ૦-
દસ્તાઅશરીતકવીમ, સારીનરસીવારતારીખો વી૦વી૦ લંબાણથી રૂ૦ા
બીલોહર અને યુઝાસુફનો મશહુર રસકસવાળો ભરપુર કીસ્સોરૂ૦ા
તમીમ અનસારીનો બહુજ રસીક મશહુર ઉમદા કીસ્સો રૂ ૦ા
જવશને સગીર માયના સુધા બહુજ ઉમદા આ લીશાન દોઆરૂ૦ા
જવશને કબીર મશહુર છે, તે ખલાસ થવાથી છપાવી છે રૂ ૦-
મુરાદે દીલ, ખુદાના ૯૯ નામો, ચીલ્લા અમલ, અદદ વી૦ રૂ ૦ા
માબાપના હકની નસીહત ભરેલી આલીશાન કીતાબ . રૂ ૦ા
પુનર્જન્મ નિષેધ અવતાર વી૦ ન હોવા વીશે ૩૩ દલીલો રૂ ૦ા
તવરેતમાંથી ચુટેલા નસીહતથીભરપુર ૪૦નાનાસુરાનોતરજુમો૦)≡ાા
તોહફતુલ આબેદિન માહે રમઝાન વીગેરેના અઅમાલની રૂ ૦)≡
રૂબાઇયાત બસો રૂબાઇ જુદા જુદા શાએરોની મોટા હરફમાં૦)≡
મેઅરાજનામા મેઅરાજનો તફસીલથી બહુજ ઉમદાઅહવાલ રૂ૦)=
તારીખવાર વાંચજોવાનો રંગીન ઉમદા ખુલાસાથી મોટો કોઠો રૂ૦)=
દોઅ એ કન્ઝુલઅર્ષ, અઝીમ ખાસીયત અને સવાબની રૂ ૦)=
ગપચપનો મુરબ્બો ૨૦૦ લતીફા, હીકાયતો, રમોજ, કોયડા વિ૦ રૂ ૦ા
ગોશ્ત ખાવાની દલીલો, શીકાર ઝબાહ વી૦ ૦)=